

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અને બજરંગ દળ દ્વારા છેલ્લા ૫૨ દિવસ થી હડતાલ પર બેઠેલા સફાઈ કર્મચારીઓ ને ટેકો જાહેર કર્યો હતો અને સફાઈ કામદારો ની માંગ ને પૂરી કરાવવા માટે સરકાર પાસે પણ જવાનો ટેકો જાહેર કર્યો હતો.

# કુરિવાજો છોડી દરેક સમાજ એક થાય તેવો રોહીદાસજીનો પ્રયાસ હતો : મુખ્યમંત્રી

### ગાંધીનગરમાં સંત શ્રી રોહીદાસજીની ૬૪૫મી જન્મ જયંતીની ઉજવણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે હાજરી આપી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેક્ટર-૬માં સંત શિરોમણી રોહિદાસજીની







૬૪૫ની રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે "સૌ સમાજ એક બની વિકાસ રાહે એક સાથે આગળ વધે તે રાજ્ય સરકારની કટિબદ્ધતા છે." અત્રે ઉલ્લેખનીય છે કે સવારે સંત શ્રી રોહીદાસજીની શોભાયાત્રા પણ યોજાઈ હતી જે નગરના માર્ગો પર ફરી હતી જેમાં મોટી સંખ્યામાં રોહીદાસ સેવા સમાજના અગ્રણીઓ તથા મહિલાઓ-બાળકો જોડાયાં હતા.

કાર્યક્રમમાં પૂર્વ મંત્રી આત્મારામ પરમાર, ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, ધારાસભ્ય ડૉ.સી.જે.ચાવડા અને સંતો-મહંતો ઉપરાંત શ્રી રોહીદાસ સેવા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, કોઈ પણ સમાજના બહુઆયામી વિકાસ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. રાજ્ય સરકાર શિક્ષણ જેવી પાયાની સુવિધા હરેક સમાજવર્ગોને પહોચાડવા તેમની પડખે છે. શિક્ષણ થકી જ સમાજ સમાજ વચ્ચેનું અંતર ઘટશે અને એક સમરસ રાષ્ટ્રની વિભાવના સાકાર થશે તેમ તેમણે ઉમેર્યું હતું. સંત શ્રી રોહીદાસજીએ દરેક સમાજ એક થાય અને કુરિવાજોમાંથી બહાર આવે તે માટે અથાક પ્રયત્નો કર્યા છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મંત્ર 'સૌનો સાથ સૌનો વિકાસ' માં પણ સંત શ્રી રોહીદાસજીના વિચારોનું પ્રતિબિંબ પડે છે તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

# ભારતમાતાના મંદિરે રોહીદાસજીની શોભાયાત્રાનું પુષ્પવૃષ્ટિથી સ્વાગત

ગાંધીનગરમાં આજે સંત શિરોમણી રોહીદાસ જયંતિ નિમિત્તે સેક્ટર-૬ના સુપ્રસિદ્ધ રોહીદાસ મંદિરથી પ્રતિવર્ષની જેમ



આ વર્ષે પણ શોભાયાત્રા ધુમધામથી યોજવામાં આવી હતી. આ શોભાયાત્રા નગર ભ્રમણ સમયે જ્યારે સેક્ટર-૭માં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યાલય ભારતમાતા મંદિરે પંહોચી ત્યારે વીએચપીના પ્રાંત સહમંત્રી મુકેશભાઈ ગોરની અધ્યક્ષતામાં શોભાયાત્રાનું પુષ્પવૃષ્ટિથી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે વાલ્મીકિ સમાજની ગુરૂગાદી આખજના સંત પૂ.ભગવાનદાસ બાપુ, શ્રી રોહીદાસ સેવા સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ? પરમાર તથા સમસ્ત કારોબારી મંડળના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા.

સંત શ્રી રોહીદાસજીની શોભાયાત્રામાં પધારેલા ભક્તો દ્વારા સામૂહિક આરતી-પૂજન સાથે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી ત્યારબાદ તમામને સામૂહિક અલ્પાહાર પ્રસાદ આપવામાં આવ્યો હતો. હિન્દુ સમાજમાંથી ઉંચ-નીચના ભેદભાવ અને અસ્પૃશ્યતા દુર થાય એના માટે જનજાગરણ કરી સાથે મળીને કાર્ય કરવા માટે રસેશભાઈ રાવલ દ્વારા સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમસ્ત રોહિત સમાજના અગ્રણીઓ, માતાઓ-બહેનો વગેરે દ્વારા સમરસતા મિલનનો કાર્યક્રમ જોઈ પ્રસંન્નતા વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળની ગાંધીનગર ટીમના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# એક જ દિવસમાં ૫૦ થી વધુ પુસ્તકોનું વિમોચન થશે

### ગાંધીનગરના નિરંજન શાહ અને સંજય થોરાતના પુસ્તકોનું વિક્રમ વિમોચનમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૧૬

કેનેક્ષસ સ્ટોરીઝ પબ્લીકેશન અને સંકલ્પ સાહિત્ય સમૂહ દ્વારા સંયુક્ત રીતે સ્વતંત્રતાનાં અમૃતપર્વ વર્ષમાં ભારતીય સાહિત્યને વૈશ્વિક સ્તરે પહોંચાડી એક ઐતિહાસિક શરૂઆતથી વિક્રમ સ્થાપિત કરવાના એક દઢ સંકલ્પ સાથે કાર્ય કરી રહ્યું છે. જેમાં એક જ દિવસમાં ૫૦ થી વધુ પુસ્તકોના વિમોચન કરાશે. આ પુસ્તકોમાં ગાંધીનગરના પણ બે સાહિત્યકારના પુસ્તકોનો સમાવેશ કરાયો છે. ગાંધીનગરના કવિ નિરંજન શાહનું ''ભીના શબ્દો'' અને સંજય થોરાતનું ''સુવિચારોનું સેનીટાઈઝર'' આ બે પુસ્તકોનો સમાવેશ થયો છે. આ સંકલ્પ કાર્યક્રમ દ્વારા ૨૨ ફેબ્રુઆરીએ એક સાથે ૫૦ થી વધુ પુસ્તકોનું વિમોચન કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં સ્વતંત્રતાના અમૃત મહોત્સવને લગતાં પુસ્તકો, આરોગ્યને લગતા પુસ્તકો, કવિતાઓ, ગઝલ, લઘુ નવલ, બાળ સાહિત્ય, ભારતીય ઈતિહાસને ઉજાગર કરતાં પુસ્તક, પ્રાચીન ભારતીય સંસ્કૃતિના મૂલ્ય આધારિત પુસ્તકોનો સમાવેશ કર્યો છે. જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાના પુસ્તકોને સમાવવામાં આવ્યા છે.

# સરગાસણ ગણેશ એરા સાઈટના ૧૦ માળેથી નીચે પટકાતા શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર,તા.૧૬

સરગાસણ વિસ્તાર ટીપી-૯માં આવેલી ગણેશ એરા બાંધકામ સાઈટ પર ૧૦ માળેથી કામ કરતો શ્રમિક અચાનક નીચે પટકાતા તેને



ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલીક શ્રમિકને ખાનગી હોસ્પિટલમાં અને ત્યાબાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જયાં ફરજ પરના તબિબ દ્વારા તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે કોન્ટ્રાકટર સામે ફરીયાદ નોંધાવતા પોલીસ આગળની તપાસ હાથ ધરી છે. જયારે ફરીયાદીએ સાઈટના કોન્ટ્રાક્ટર દ્વારા બાંધકામ દરમિયાન પ્રાણઘાતક અકસ્માત નડે નહી તે અંગેના જરુરી સાધનો પુરા નહી પાડી બેદરકારી દાખવી હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

સરગાસણ ટીપી-૯ માં આવેલી શ્રી ગણેશ એરા સાઈટનું બાંધકામ હાલ કાર્યરત છે. અહી મુળ દાહોદના સમેસ રીમાભાઈ ડામોર તેની પત્ની સાથે મજુરીકામ કરે છે. ત્યારે છેલ્લા દોઢેક માસથી કૌંટુબીક મોટાબાપાનો દિકરો દિલિપ રમેશભાઈ ડામોર પણ સાઈટ પર મજુરી કામ માટે આવ્યો હતો. ગતરોજ બપોરના સમયે અન્ય મજુરોની સાથે દિલિપ બાંધકામ સાઈટના દસમા માળે લીફટથી રેતી ખાલી કરવાનું કામ કરી રહ્યો હતો. આ દરમિયાન આશરે ત્રણ વાગ્યાના અરસામાં દિલિપનો પગ ખપેડા પરથી લપસી જતા ૧૦ માળેથી જમીન પર નીચે પટકાયો હતો. જેથી દિલિપને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવને પગલે અન્ય મજુરો તેમજ કોન્ટ્રાકટર પ્રતાપસિંહ રાજપૂત પણ આવી ગયા હતા. ત્યારબાદ દિલિપને શહેરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જયાર ફરજ પરના તબિબ દ્વારા મૃત જાહેર કર્યો હતો. ત્યારપછી દિલિપને ગાંધીનગર સિવિલ ખાતે લઈને આવ્યા હતા જયા ફરજ પરના તબિબે દિલિપને મરણ જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા મૃતક દિલિપના માતા પિતા સહિત પરિવારજનો ગાંધીનગર સિવિલ ખાતે દોડી આવ્યા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે સમેસની ફરીયાદને પગલે ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# માહિતી કર્મયોગીઓનો 'લેખન કૌશલ્ય' વિષયક એક દિવસીય પરિસંવાદ સંપન્ન

### વિશ્વસનીય અને ઝડપી માહિતીના આદાન પ્રદાન માટેની સજ્જતા કેળવવા ઉપર ભાર મુકતા માહિતી નિયામકશ્રી



સરકારની વાત જનતા સુધી પહોંચાડવાનું મહત્વનું કાર્ય માહિતી ખાતુ કરી રહ્યુ છે ત્યારે તેમની કામગીરીને સમય સાથે કદમ મિલાવી વધુ અસરકારક બનાવવાના પ્રયાસો અત્યંત જરૂરી છે. સમયાંતરે વૈચારિક મનોમંથન અને પ્રત્યાયનના નવતર પરિમાણોની સમજ કેળવી પ્રચાર પ્રસારને વધુ પરિણામલક્ષી બનાવી શકાય છે. આ શ્રૃંખલાના ભાગરૂપે ગુજરાત પ્રેસ અકાદમીના ઉપક્રમે આજે માહિતી ખાતાના કર્મયોગીઓ માટે લેખન કૌશલ્ય વિષયક એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં માહિતી નિયામક શ્રી ડી.પી.દેસાઈ, અધિક માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ પટેલ તથા પ્રેસ અકાદમીના સચિવ શ્રી પુલકભાઈ ત્રિવેદીએ માહિતી પરિવારના કર્મયોગીઓને મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્ય સરકારની વિવિધ જનહિતલક્ષી કલ્યાણકારી યોજના અંગે નાગરિકોને સુપેરે માહિતગાર કરવા, લાભાર્થી સુધી યોજનાનો લાભ લેવા માટેની માહિતી પહોંચાડવા અને લાભાર્થીના પ્રતિભાવ મેળવી સરકાર સુધી પહોંચાડવાની મહત્વપુર્ણ કામગીરી ઉપર પરિસંવાદમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. માહિતી ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓને શ્રી દેસાઈએ જણાવ્યુ હતુ કે, નાગરિકો સુધી પહોંચવા માટે પ્રચાર પ્રસારના માધ્યમોમાં ૩૬૦ ડીગ્રીએ પરિવર્તનો આવ્યાં ત્યારે નાગરિકોની રુચિ જળવાય અને તેમના સુધી સમયસર વિશ્વસનીય રીતે માહિતી પહોંચાડવી તે એક અત્યંત મહત્વપુર્ણ કાર્ય છે. આજના સમયમાં સોશિયલ મીડિયાના કારણે માહિતીનું આદાનપ્રદાન ઝડપથી થાય છે ત્યારે માહિતી અધિકારીઓની ભુમિકા વધુ મહત્ત્વપૂર્ણ બની ગઇ છે. શ્રી દેસાઈએ જણાવ્યુ હતુ કે, સમયની સાથે પરિવર્તન જરૂરી છે. આજના સ્પર્ધાત્મક યુગમાં માહિતી ખાતાના સમાચાર અર્થસભર અને માહિતીપ્રદ બને તે તે દિશામાં પ્રત્યેક માહિતી અધિકારીએ જાગૃત પ્રયાસો કરવાના રહે છે. તેમણે તમામ કર્મયોગીઓએ ટેક્નોલોજી અને સમય સાથે તાલ મિલાવીને સમાચાર-માહિતીનું મુલ્યવર્ધન કરતુ રહેવુ જોઈએ એમ જણાવ્યું હતું.

અધિક માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ પટેલે ઉપસ્થિત કર્મયોગીઓને લેખન ક્ષેત્રે સફળતાનો મંત્ર સમજાવતા જણાવ્યુ હતુ કે, સતત જનસંપર્ક, વિચારમંથન અને માહિતીનો સંગ્રહ કાર્યને વધુ બળ આપશે. વિવિધ સરકારી વિભાગોની સાફલ્યગાથા અને ફોટો બેંક બનાવવા ઉપસ્થિત કર્મયોગીઓને તેમણે સુચન કર્યુ હતુ.

ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ શ્રી પુલકભાઈ ત્રિવેદીએ ઓડિયો વિઝ્યુઅલ મીડિયા અને સોશિયલ મીડિયા જેવા ઝડપથી વિકાસ પામી રહેલા માધ્યમ વચ્ચે પણ પ્રિંટ મીડિયાના મહત્વ વિશે ઉપયુક્ત ઉદાહરણો સાથે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે પ્રિન્ટ મીડિયા માટે કેવી રીતે સમાચાર, લેખ અને સાફલ્યગાથા તૈયાર કરવી તે અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યુ હતુ. આ ઉપરાંત શ્રી ત્રિવેદીએ માહિતી ખાતાના કર્મયોગીઓને વિવિધ વિષય સબંધિત થોટ બેંક તૈયાર કરવા અને તેની ઉપયોગીતા અંગે સમજ આપી હતી.

આ એક દિવસીય વર્કશોપમાં નાયબ માહિતી નિયામક શ્રી મિનેશભાઈ ત્રિવેદી, નાયબ માહિતી નિયામક શ્રી જગદીશભાઈ આચાર્ય સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય સેમિનાર હોલમાં 'યુવા વિકાસ કલા અને સંસ્કૃતિ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

વસંતપંચમીના શુભ દિવસે યુવાનું માર્ગદર્શન કરવા અને એમનો ઉત્સાહ વધારવા માટે એમઆઈપીએલવીપી ઈન્સ્ટીટયુટ ઓફ સોશિઅલ વર્ક, ચીલ્ડ્રન્સ યુનિવર્સીટી અને નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગરના સયુંકત ઉપક્રમે કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે સેમીનાર હોલ માં 'યુવા વિકાસ કલા અને સંસ્કૃતિ' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ શ્રી હર્ષદભાઈ શાહ (કુલપતિ - ચીલ્ડ્રન્સ યુનિવર્સીટી), શ્રી પંકજ મારેચા (જીલ્લા યુવા અધિકારી – નેહરુ યુવા કેન્દ્ર સંગઠન), વિંગ કમાન્ડર ધર્મેન્દ્ર શર્મા (એર ફોર્સ) અને પ્રો. ઉમેશ કોલ્હે (એમઆઈપીએલવીપી ઈન્સ્ટીટયુટ ઓફ સોશિઅલ વર્ક) ની અધ્યક્ષામાં થયો હતો. હર્ષદ શાહ દ્વારા આદર્શ સમાજનું ઘડતર કેવી રીતે કરવું, યુવાનનું સમાજલક્ષી કાર્ય કેવી રીતે કરવું અને માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનું આત્મનિર્ભર ભારતનુ સ્વપ્ન કેવી રીતે પૂર્ણ કરી શકાય એવા વિષયો પર ખૂબજ ઊંડાણપૂર્વક અને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. બંને કોલેજના વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક વકતૃત્વ સ્પર્ધા, ગરબા અને નાટક માં ભાગ લીધો હતો.

# સાદરા સંકુલના છાત્રાલય નિવાસીઓએ સ્વયમ્ પાક બનાવી સમૂહભોજન કર્યુ

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરાના સત્ર-૨ માં અભ્યાસ કરતા ૧૫૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો સાથે મળીને ચાર ટૂકડીઓમાં વિભાજીત થઈ સ્વયમ્ પાક બનાવી સમૂહભોજન કર્યુ હતુ. વિદ્યાર્થીઓ સમતોલ આહાર બનાવતાં શીખે, જાતે ખરીદી કરે, લોટ, શાકભાજી, તેલ, ગોળ, ઘી, મરી-મશાલા, જરૂરી સાધન સામગ્રી અને લાકડાં એકઠાં કરી ચૂલા ઉપર ખોરાક રાંધતાં શીખે તે હેતુથી સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન દ્વારા ગૃહપતિ મોહનભાઈ પટેલ, જયેશ રાવલ, ગૃહમાતા વસંતી પરમાર અને સ્મીતા ગામીતના આયોજન થકી સાદરા સંકુલના છાત્રાલય નિવાસીઓએ સ્વયમ પાક બનાવી એક પરિવાર ભાવનાના ઉદાહરણ સાથે સમૂહ ભોજન કર્યુ હતુ. આ સમૂહભોજનમાં છાત્રાલયના વિદ્યાર્થીઓએ સંકુલના સૌ સેવક ભાઈ-બહેનોને ભોજન માટે નિમંત્રણ આપ્યું હતું.

## ખતરો ટળ્યો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલાનો આકરો જવાબ આપશે. આ પહેલા પણ બાઈડેન અનેકવાર રશિયન રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિનને યુક્રેનની સીમા પર પરિસ્થિતિ સામાન્ય કરવા કહી ચૂક્યા છે. પરંતુ પુતિન પર તેની કોઈ અસર થઈ ન હતી. ઉલ્લેખનીય છે કે, રશિયા તરફથી કહેવાયુ હતું કે, તેઓ યુદ્ધ નથી ઈચ્છતા. તેણે સેનાની ટુકડી પરત હટાવવાની વાત પણ કહી હતી.

રશિયા અને યુક્રેનની વચ્ચે સરહદ પર તણાવ વચ્ચે ભારતે પોતાના નાગરિકોને અસ્થાયી રીતે કીવ છોડવાની સલાહ આપી છે. જોકે, યુક્રેનમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ એક હિન્દી ન્યૂઝ ચેનલ દ્વારા સરકારના આદેશના પાલન કરવામાં આવતા ચેલેન્જિસની વાત કરી. કીવમાં ભારતીય દૂતાવાસે ૧૫ ફેબ્રુઆરીના રોજ ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી. જેમાં કહ્યુ કે, ભારતીય દૂતાવાસ સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે.

અમે જાણીએ છીએ કે, અનેક ભારતીય વિદ્યાર્થીઓ હાલ યુક્રેનમા છે અને તેમના પરિવારને આ વાતની ચિંતા છે. યુક્રેન અને ભારત વચ્ચેની ફ્લાઈટની સંખ્યા કેવી રીતે વધારી શકાય તેના પર નાગરિક ઉડ્ડયન વિભાગ સાથે ચર્ચા ચાલી રહી છે.

## દીપ સિદ્ધુ...●

અનુસંધાન પહેલાનું ચાલુ

આશરે ૨૦થી ૩૦ મીટર ઘસડાઈ હતી અને ગાડીનો આગળનો હિસ્સો સાવ ચકનાચૂર થઈ ગયો હતો. પોલીસના કહેવા પ્રમાણે દુર્ઘટના સમયે ૨૨ ટાયર ટ્રક રસ્તાની સાઈડમાં ઉભો નહોતો પરંતુ કેએમપી પર દોડી રહ્યો હતો અને પાછળથી પૂરપાટ ઝડપે સ્કોર્પિયો તેમાં ઘૂસી ગઈ હતી.

અકસ્માત બાદ રીનાએ ફોન દ્વારા કેટલાક લોકોને જાણ કરી હતી અને કેએમપી ખાતે ઉપસ્થિત એમ્બ્યુલન્સ અને ત્યાં રહેલા લોકોએ દીપને હોસ્પિટલ પહોંચાડ્યો હતો. રીનાના કહેવા પ્રમાણે તે ૧૩ જાન્યુઆરીના રોજ અમેરિકાથી આવી હતી અને તેઓ બંને ગુરૂગ્રામ ખાતે ઓબેરોય હોટેલમાં રોકાયા હતા. અકસ્માત થયો તે સમયે તેને ઉંઘ આવી ગયેલી અને હાલ ટ્રક ડ્રાઈવર ફરાર છે.

## ગંભીર અકસ્માત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્ટેશનરી ટ્રક રસ્તાની વચ્ચોવચ્ચ પાર્ક કરવામાં આવી હતી અને તેમાં સ્પીડમાં આવી રહેલી કાર અથડાઈ હતી. આ કારણે કારમાં સવાર ૬ વ્યક્તિઓના ઘટના સ્થળ પર જ મોત થઈ ગયા હતા.

આ અકસ્માતમાં અજય કુમાર યાદવ નામની વ્યક્તિ કાર ચલાવી રહી હતી, અજય કુમાર વર્મા (૩૪) સહિત આ અકસ્માતમાં અજય કુમારના ભાઈ રામ જન્મ (૨૮), અજય કુમારના પત્ની, સપના (૨૮) તથા તેમના બે દીકરા આર્યન (૮) અને યશ (૧૦)ના મોત થઈ ગયા હતા.

સ્થાનિક દ્વારા આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસને આ ઘટના અંગે માલુમ પડતા તાત્કાલિક ટીમ ઘટના સ્થળ પર પહોંચી હતી, જેમાં ઘાયલોને તાત્કાલિક રામ સનેહી ઘાટના આરોગ્ય કેન્દ્ર પર લઈ જવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું કે, અજય કુમાર વર્મા સુરતના વેપારી છે અને તેઓ પોતાના પરિવાર સાથે ઘરે આવી રહ્યા હતા અને તે દરમિયાન તેમનો આ ગમખ્વાર અકસ્માત નડ્યો હતો.

## ચેમ્બરો ભયજનક...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ મોટાભાગના ઠેકાણે આ પ્રકારની સ્થિતિ જોવા મળતી હતી ત્યારબાદ તંત્રએ લાઈનની ચેમ્બરોને કોર્નર કરી યોગ્ય ઢાંકણો મુકીને સલામત કરવામાં આવી હતી પરંતુ હાલ પણ સેકટરોમાં રહેણાંક વિસ્તાર નજીક તેમજ જાહેર સ્થળો પર ઘણાં ઠેકાણે લાઈનના ઢાંકણો અર્ધખુલ્લી હાલતમાં જોવા મળી રહ્યા છે. અલબત્ત ભારે વાહનોની અવરજવરના લીધે ચેમ્બરોના ઢાંકણો પણ એકબાજુથી ઉંચા થઈ ગયા છે. જેના લીધે વાહનચાલકો તેમજ અન્ય રાહદારીઓ માટે પણ ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. શહેરમાં સે-૮ ના સર્વિસ માર્ગ પર તેમજ સે-૬ સત્યાગ્રહ છાવણી પાસે આ મુજબની સ્થિતિ જોવા મળે છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ઘણાં ઠેકાણે આ મુજબની ભયજનક સ્થિતિ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. આ સ્થિતિ વચ્ચે આસપાસ કચરાના ઢગ પણ થાય છે જયારે આ કચરો લાઈનમાં જવાના લીધે લાઈન ચોક અપ થવાથી ઉભરાવાની સમસ્યા પણ ઉદભવે છે. સે-૬ સત્યાગ્રહ છાવણી પાસે ગટર લાઈનનુ ઢાંકણ એકબાજુથી આખુ અંદર દબાઈ ગયુ છે જેના લીધે સ્થાનિક રાહદારીઓને પણ નડતરરૂપ સ્થિતિ સર્જાઈ છે. જયારે આ વિસ્તારમાંથી પસાર થતા વાહનોને પણ નુકશાન થઈ રહ્યુ છે. શહેરના સેકટરોમાં હાલ ઘણાં ઠેકાણે આવા દ્રશ્યો જોવા મળે છે. આ ભયજનક સ્થિતિ નિવારવા માટે યોગ્ય પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## પર્સની ઉઠાંતરી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લગ્નસરાની સિઝનમાં ડેપો સંકુલમાં મુસાફરોની વિશેષ ભીડ જોવા મળે છે જેના લીધે બસમાં પણ વધુ ટ્રાફિક હોવાથી ડેપા સંકુલમાં જાણભેદુ ગઠીયાઓ મોકાની તલાશમાં હોય છે. પલવારમાં જ બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લે છે. છેલ્લા ઘણાં સમયથી ડેપોમાં મુસાફરોની અવરજવર વધતા પીક પોકેટીંગના બનાવો પણ વધ્યા છે. ગાંધીનગર ડેપોમાં છેલ્લા એક સપ્તાહમાં પીક પોકેટીંગના પાંચ જેટલા બનાવો બન્યા છે. જેમાં ગઈકાલે બસમાં બેસવા જતી એક ગાંધીનગરની મહીલાનુ પર્સ પણ ચોરાયુ હતુ મહીલા બસમાં બેસવા જતી હતી ત્યારે ગઠીયાએ પર્સ સેરવી લીધુ હતુ. મહીલાના આ પાકીટમાં રૂ ૨૦ હજારની રોકડ હોવાનુ પણ તેણીએ જણાંવ્યુ હતુ.

જયારે આ સિવાય પણ છેલ્લા ચાર પાંચ દિવસમાં અન્ય ચારથી વધુ કીસ્સામાં પીક પોકેટીંગના બનાવો સામે આવ્યા છે. જેમાં પાકીટની સાથે મોબાઈલની પણ ઉઠાંતરી થઈ છે. જયારે આ મામલે પીક પોકેટીંગનો ભોગ બનનાર મુસાફરોએ પોલીસ ફરિયાદ કરવાનુ પણ ટાળ્યુ છે. ડેપો સંકુલમાં આડા દિવસોમાં પણ મુસાફરોના ખિસ્સા કપાતા હોય છે ત્યારે તહેવારો અને લગ્નસરાની સિઝનમાં ડેપોમાં ગઠીયાઓની આખી ગેંગ જાણે સક્રીય થતી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. ડેપો કક્ષાએથી આ મામલે યોગ્ય પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## નવા ૧૯ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકામાં વાસણા ગામેથી બે કેસ ઉપરાંત ચિલોડા, મહુન્દ્રા, નવા પાલજ અને અડાલજમાંથી કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં જાસપુરમાંથી અને કલોલ શહેરના અર્બન-૨ વિસ્તારમાંથી બે-બે કેસ ઉપરાંત ડિંગુચા, નાંદોલી અને રકનપુરમાંથી કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં ચડાસણા ગામેથી એક વર્ષના બાળકનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરીરેટ ઝડપથી સુધરી રહ્યાનો તંત્રએ દાવો કર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૯૨ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વસ્તારમાં ૩૫૪૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.